**આપનો રોલ મોડેલ(આદર્શ)**
મારી માતા. જેણે કારમી ગરીબીમાં પણ પોતાનું ગૌરવ જાળવી સ્વાશ્રયનો મહિમા કર્યો, ઘરનો ચૂલો સળગતો રાખી મને કામ પ્રત્યે નિષ્ઠાના ગૌરવનો પદાર્થપાઠ શીખવ્યો.

**કઇ ચીજનો સૌથી વધુ ડર લાગે છે?**
કોઈ પણ પ્રકારની ગેરસમજનો.

**જોયેલું ખરાબ સ્વપ્ન**
સાવ અજાણ્યા શહેરમાં હું ભૂલી પડું છું. અનેક અસામાજિક તત્વોથી ઘેરાઈ જાઉં છું, ઘરનો રસ્તો જડતો નથી.

**છેલ્લે ક્યારે રડ્યા હતા?**
મારા દીકરાએ મરણપથારી પર ભોગવેલી અસહ્ય પીડા જોઈને.

**ઘેલછા કહી શકાય તેવો શોખ**
નવી નવી કલાકારીગરી શીખવાની, ઘરગથ્થુ આયુર્વેદિક ઉપચારોની જાણકારી પ્રાપ્ત કરવાની તીવ્ર ઘેલછા.

**કોઇ વહેમ ખરો?**
પોતે માંદા છે એવું ખોટે ખોટું પણ કોઈને કહેવું નહીં. નહીંતર એ માંદગીનો ભોગ બનવું પડે.

**અન્યના વ્યક્તિત્વની કઇ ખૂબી ગમે?**
કડવું છતાં સાચું મોં પર કહી શકનાર

**અન્યના વ્યક્તિત્વની કઇ ખામી ખટકે?**
સંબંધોમાં કૃત્રિમતા તેમ જ કૂથલી, ચાડીચુગલી કરનાર

**મનપસંદ પોશાક**
સ્કર્ટ-બ્લાઉઝ તેમજ પંજાબી ડ્રેસ

**મનપસંદ ગાડી**
ફીયાટ

**આપની દૃષ્ટિએ પ્રેમ એટલે...**
પોતાની પ્રિય વ્યક્તિના ભલા માટે ખુદનું સમગ્ર જીવન ન્યોછાવર કરવું.

**દેશ વિશે શું વિચારો છો?**
દેશને સમર્પિત અને નિષ્ઠાવાન આગેવાનોની તાતી જરૂર છે, જે સરકારમાં ઘૂસી ગયેલાં અસામાજિક તત્વોથી દેશને છૂટકારો અપાવે

**આપની દૃષ્ટિએ લગ્ન એટલે...**
સાચા અર્થમાં મૈત્રી. એકબીજાના વ્યક્તિત્વ પરત્વે આદર સેવીને-શ્રદ્ધા રાખીને જીવનના સારા કે ખરાબ કાળમાં સદાય સાથે રહેવું.

**મનપસંદ કમર્શિયલ જાહેરખબર**
સેવન અપની ટી.વી જાહેરખબર

**અણગમતી કમર્શિયલ જાહેરખબર**
નિરમા ડિટર્જન્ટ, ઓલ આઉટ, બ્રિટાનિઆ બિસ્કીટ. આ જાહેરખબરોમાં માનવીય ગૌરવની સરેઆમ હાંસી કરાઇ છે.

**આપની સફળતાનું રહસ્ય?**
સફળતા કે નિષ્ફળતા, સખત મહેનત કે કશા બદલાની ચિંતા રાખ્યા વગર, જે પણ કાર્ય કરવાનું નક્કી કર્યું, તેને પાર પાડવા માટે પૂરી નિષ્ઠાથી પ્રયત્નો કર્યા.




**સરદાર, નહેરુ જેવા નેતાઓના માનીતાં, ભારતનાં પ્રથમ મહિલા ન્યુઝ ફોટોગ્રાફર, ૯૧ વર્ષનાં હોમાય વ્યારાવાલા**

**મનપસંદ અભિનેતા, મનપસંદ ફિલ્મ, મનપસંદ રાજકારણી**
આ બધું આભાસી છે. એની પાછળ ઘેલા થવા જેવું કશું નથી.

**છેલ્લી ખરીદી**
તેર વર્ષ અગાઉ વોશિંગ મશીન ખરીદ્યું હતું. આ ઉપરાંત રોજબરોજની ખાદ્ય તેમજ વપરાશની ચીજો

**નવું ગમતું ગીત**
કોઇ પણ જૂનાં ફિલ્મી ગીત ગમે. નવા ગીતોમાં કંઇક ખૂટતું હોય એમ લાગે છે.

**તમારા વિશે એક વાક્યમાં તમારો અભિપ્રાય શું હોઇ શકે?**
કુદરત સાથે તાલ મિલાવીને જીવી રહેલી અત્યંત સંતોષી વ્યક્તિ, જેનો મંત્ર છે: small, simple and sober

**તમે આ ક્ષેત્રમાં ના હોત તો કયા ક્ષેત્રમાં હોત?**
મારા પતિનો જે પણ વ્યવસાય હોત, તે જ વ્યવસાયમાં હું હોત, જેથી તેને મદદરૂપ થઇ શકું. (ફોટોગ્રાફીમાં પણ હું એ રીતે જ આવી હતી.)

**'ડોગ' અને 'કેટ' સિવાયનું કયું પ્રાણી પાળવું ગમે?**
પશુ-પક્ષીઓ પોતાના પ્રાકૃતિક આવાસમાં વધુ ખુશ રહે છે.પશુ-પક્ષીને પાળવામાં હું માનતી નથી.

**ઘરની બહાર નીકળો ત્યારે અનિવાર્યપણે તમારી પાસે હોય તેવી ચીજ?**
મારું નામ અને સરનામું લગાડેલી મારા ઘરની ચાવી

**મનપસંદ મુખવાસ**
પ્રોસેસ્ડ ચીઝ

**સૌથી વધુ ખુશ ક્યારે થાવ છો?**
મોસમના પ્રથમ વરસાદથી, એ સમયે આવતી માટીની સુગંધથી અને સૂર્યાસ્ત સમયે દેખાતી વાદળોની રંગછટાથી

**તમારી જિંદગીને એક વાક્યમાં વર્ણવવી હોય તો...**
દીર્ઘ, સંપૂર્ણ જિંદગી. સારાં મા-બાપ મળ્યા, એ પછી પતિ, ત્યાર પછી વ્યવસાય તેમજ પુત્ર સાથે,અંતે વૈધવ્યનો નવો અનુભવ. આટલા અનુભવો પછી શી ફરિયાદ હોય?

**તમારો તકિયા કલામ?**
'થેન્ક યુ દાદારજી' (ભગવાન). કોઇ પણ કામ સારી રીતે પતે એ વખતે ખાસ.

**એક ચોરી માફ કરવામાં આવે તો શું ચોરવું પસંદ કરો?**
સુંદર ફૂલોથી ભરપૂર એક છોડ

**જૂઠું ક્યારે બોલો છો?**
મારા જૂઠાણાથી કોઇકને સાંત્વન મળતું હોય ત્યારે અથવા કોઇકની પ્રતિષ્ઠાભંગ બચાવવા

**અત્યારે કયું પુસ્તક વાંચો છો?**
વ્યસ્તતાને કારણે અખબાર (ટાઇમ્સ ઓફ ઇન્ડિયા) સિવાય કંઇ વાંચી શકાતું નથી.